અપીલ અરજી નં.૬૫ તા.૨૪–૫–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ–ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫–૪–૧૦ ની અરજીથી કલાસવન અધિકારી શ્રી પ્રદિપસિંહ જે. ઝાલા ડે.કમિશ્નર (સ્પે.) વિરૂધ્ધ ગુજરાત હાઈકોર્ટમાં ચાલતી પીટીશન અંગેની સંપુર્ણ દસ્તાવેજ સહીતની તથા પીટીશનની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૫–૧૦ ની **SMC/FAP/** નં.૬૫/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫–૪–૧૦ ની અરજીથી કલાસવન અધિકારી શ્રી પ્રદિપસિંહ જે. ઝાલા ડે.કમિશ્નર (સ્પે.) વિરૂધ્ધ ગુજરાત હાઈકોર્ટમાં ચાલતી પીટીશન અંગેની સંપુર્ણ દસ્તાવેજ સહીતની તથા પીટીશનની નકલની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૫–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૨૮૫ તા.૨૯–૫–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક જીએડી/ઈએસટી/૮૦૮ તા.૭–૬–૧૦ ના રોજ પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર મહેકમને અરજી તબદીલ કર્યા અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૮૯ તા.૧૭–૪–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, તા.૧૦–૫–૧૦ ના તથા એડવોકેટ ધ્વારા સુ.મ.ન.પા. ને લખાયેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૬૮૨ તા.૨૫–૫–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૫–૪–૧૦ ની અરજીથી કલાસવન અધિકારી શ્રી પ્રદિપસિંહ જે. ઝાલા ડે.કમિશ્નર (સ્પે.) વિરૂધ્ધ ગુજરાત હાઈકોર્ટમાં ચાલતી પીટીશન અંગેની સંપુર્ણ દસ્તાવેજ સહીતની તથા પીટીશનની નકલની માહિતી આપવા બાબતની અરજી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૮૯ તા.૧૭–૪–૧૦ થી પર્સોનલ ઓફિસર મહેકમને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે ૪૦ દિવસ બાદ પણ પ્રતિભાવ ન મળવાથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૬૮૨ તા.૨૫–૫–૧૦ થી " કલાસવન અધિકારી શ્રી પ્રદિપસિંહ જે. ઝાલા ડે.કમિશ્નર (સ્પે.) વિરૂધ્ધ ગુજરાત હાઈકોર્ટમાં ચાલતી સ્પે.સી.એ. નં.૯૪૪/૨૦૦૦ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ન્યાય નિર્ણયાર્થે પેન્ડીંગ હોય આરટીઆઈ કાયદાની જોગવાઈ કલમ–૮(૧)(ટ) અનુસાર તેની નકલો આપી શકાય તેમ નથી." તેવું જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ કર્મચારીઓની વસ્તી ગણતરી અને અન્ય કારણોસર માહિતી આપવામાં વિલંબ થયેલ છે તે પણ જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારીએ જણાવેલ અપવાદની કલમ મંત્રી પરિષદ અથવા અન્ય અધિકારીઓના વિચાર–વિમર્શ–મંત્રણાના રેકર્ડને લગતી છે. જે પ્રસ્તુત કેસમાં લાગુ જણાતી નથી. અદાલતના પડતર કેસ અંગે કલમ–૮(૧)(ખ) અનુસાર સક્ષમ અદાલતે મનાઈ ફરમાવી હોય કે માહિતી જાહેર કરવાથી અદાલતના તિરસ્કારની સંભાવના હોય તો જ ઈન્કાર કરી શકાય અન્યથા આપવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૫–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે આરટીઆઈ કાયદાની કલમ–૮(૧)(ખ) જોગવાઈ ધ્યાને લઈ પડતર અદાલતી કેસ અંગે નામદાર અદાલતે માહિતી જાહેર કરવા ઈન્કાર કરેલ હોય કે તેમ કરવાથી અદાલતી તિરસ્કાર થવાની સંભાવના કેસની વિગતે જણાતી હોય તો તેવા સંદર્ભ સહ અરજદારને અપવાદ સૂચિત કરવા અન્યથા અપવાદ હેઠળ આવતી ન હોય તો જોગવાઈ અનુસાર દિન–૧૫ માં કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ ની જોગવાઈ અનુસરી નિયત દસ્તાવેજ ચાર્જ ભરાવી અરજદારને માહિતી પૂરી પાડી તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે. જાહેર માહિતી અધિકારીનો વિલંબ અંગે રાષ્ટ્રીય કામગીરીનો બચાવ તેટલા પૂરતો ધ્યાને લેવામાં આવેલ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,